પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૧૧ | ૧૦ ઓક્ટોબર, ૨૦૧૭, મંગળવાર ; આસો વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### રિચાર્ડ થેલેર જીત્યા ઈકોનોમિક્સનું નોબેલ

શિકાગો યુનિવર્સિટીના પ્રોફેસર રિચાર્ડ થેલેર વર્ષ-૨૦૧૭નું અર્થશાસ્ત્રનું નોબેલ જીત્યા છે. 'અર્થતંત્રના મનોવિજ્ઞાનની સમજણ' પર રિચાર્ડ થેલેરે કરેલા રિસર્ચ બદલ તેમને નોબેલ અપાયો છે.

### મુકુલ રોય ભાજપમાં જોડાશે



તૃણમૂલ કોંગ્રેસમાંથી હાંકી કઢાયેલા મુકુલ રોયે દિલ્હીમાં ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ અને પશ્ચિમ બંગાળના પ્રભારી કૈલાશ વિજયવર્ગીસ સાથે મુલાકાત કરી હતી. તેઓ ટુંક સમયમાં ભાજપમાં જોડાઈ શકે છે.

### દેશમાં ૪.૫ કરોડ ઘરમાં વિજળીના કનેક્શન નથી

જીએસટી કેટેગરીમાં સૌથી ઉંચી કેટેગરી ૨૮ ટકાને લઈને કેટલાક લોકો દ્વારા વાંધો ઉઠાવવામાં આવી રહ્યો છે જેના પરિણામ સ્વરુપે આ કેટેગરીમાં રહેલી સામાન્ય ઉપયોગ આવતી પ્રોડક્ટને પણ આ કેટેગરીમાંથી બહાર લાવવા માટે પ્રયાસો શરૂ થઈ ચુક્યા છે. આગામી બેઠકમાં આ અંગે નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે.

# જૈશ કમાન્ડર અબુ ખાલીદ ફૂંકાયો

**સુરક્ષા દળોને બારામુલામાં વધુ એક મોટી સફળતા મળી : હથિયારો કબજે : ત્રીજી ઓક્ટોબરના દિવસે શ્રીનગર એરપોર્ટ નજીક કેમ્પ પર કરવામાં આવેલા આતંકવાદી હુમલામાં અબુ ખાલીદ માસ્ટરમાઇન્ડ હતો**



બારામુલા,તા. ૯

જમ્મુ કાશ્મીરના બારામુલામાં સુરક્ષા દળોએ હવે વધુ એક મોટી સફળતા હાંસલ કરી લીધી છે. ભીષણ અથડામણમાં જૈશે મોહમ્મદના ઓપરેશન કમાન્ડર અબૂ ખાલીદને ઠાર કરી દેવમાં આવ્યો છે. અબુ ખાલીદ ગયા સપ્તાહમાં બીએસએફ કેમ્પ ઉપર કરવામાં આવેલા હુમલામાં માસ્ટર માઈન્ડ તરીકે હતો. ત્યારબાદથી સુરક્ષા દળોએ તેની શોધખોળ હાથ ધરી હતી. ડીજીપી એસપી વૈદ્યએ માહિતી આપતા કહ્યું છે કે, અબુ ખાલીદને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો છે. તેમણે કહ્યું છે કે, આતંકવાદીઓ સેનાની પેટ્રોલિંગ ટીમ ઉપર હુમલો કરી દીધો હતો. ત્રીજી ઓક્ટોબરના દિવસે શ્રીનગર એરપોર્ટ નજીક બીએસએફ કેમ્પ ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. જવાબી કાર્યવાહીમાં સુરક્ષા દળોએ હુમલો કરનાર ત્રણ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા પરંતુ તેના કમાન્ડરની શોધખોળ ચાલી રહી હતી. બીજી બાજુ કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે કહ્યું છે કે, ભારતીય સેના દરરોજ પાંચથી છ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી

● અનુસંધાન પાન-૭ પર

## દેશભરમાં ટ્રક ઓપરેટર્સના ચક્કાજામથી પરેશાની વધશે

**૯૩ લાખ ટ્રકના પૈડા થંભી જતા મોંઘવારી વધશે : જીએસટી અને ડીઝલની હાલ વધતી કિંમતોની સામે ટ્રક ઓપરેટર્સ દ્વારા રવિવારે અડધી રાતથી જામની શરૂઆત**

નવી દિલ્હી,તા. ૯

જીએસટી વ્યવસ્થા અને ડીઝલની વધતી જતી કિંમતોની સામે દેશભરમાં ટ્રક ઓપરેટર્સના બે દિવસીય ચક્કા જામની આજે શરૂઆત થઈ હતી. ટ્રક ઓપરેટર્સ દ્વારા ધમકી આપવામાં આવી છે કે આ સાંકેતિક હડતાળ છતાં તેમની માંગણી જો માનવામાં આવશે નહી તો દિવાળીની આસપાસ અનિશ્ચિત કાળની હડતાળ પાડવામાં આવશે. ટ્રક ઓપરેટર્સની માંગ રહી છે કે જીએસટીમાં તેમને રાહત આપવામાં આવે તે જરૂરી છે. જુની ટ્રક વેચવા પર લાગતા ૨૮ ટકાના ટેક્સની જોગવાઈને ખતમ કરવામાં આવે તે જરૂરી છે. બે દિવસની આ હડતાળથી બે હજાર કરોડ રૂપિયાનુ નુકસાન થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. ઓલ ઈન્ડિયા મોટર્સ ટ્રાન્સપોર્ટ કોંગ્રેસના ઉત્તર ભારતના ઉપાધ્યક્ષ હરીશ સબ્બરવાલે કહ્યુ છે કે ૪૮ કલાક સુધી દેશભરનાં ૯૩ લાખ ટ્રકના ચક્કા જામ રહેશે. ૫૦ લાખ બસના ઓપરેટર્સ પણ સભ્ય છે. જો કે હાલમાં તેમને સામેલ કરવામાં આવ્યા નથી. જીએસટી અને ડીઝલની કિંમતોમાં વધારીન સામે આ ચક્કા જામનુ આયોજન કરવામાં આવ્યુ છે. હડતાળના કારણે સામાન્ય લોકોને ભારે મુશ્કેલનો સામનો કરવો પડી શકે છે. જીવન જરૂરી ચીજોના ભાવ પર તેની પ્રતિકુળળ અસર થઈ શકે છે. આના કારણે દિલ્હી સહિતના રાજ્યોમાં સામાન્ય લોકોને ભારે મુશ્કેલનો સામનો કરવો પડી શકે છે. હબડતાળના કારણે સામાન્ય લોકોની તકલીફ વધી શકે છે. હડતાળના કારણે શાકભાજી અને ફળફળાદીની કિંમતમાં વધારો થઈ શકે છે.

# હજુ જીએસટી સ્લેબમાં ફેરફારોની હિલચાલ

**હાલમાં ૨૮ ટકાના સ્લેબમાં રહેલ ચીજોની સંખ્યા ઘટાડવા હિલચાલ : સામાન્ય લોકો દ્વારા જે વસ્તુઓનો સૌથી વધારે ઉપયોગ કરવામાં આવે છે તે ચીજોને ઓછા સ્લેબની યાદીમાં મુકવાની તૈયારી**

નવી દિલ્હી,તા. ૯

જીએસટી કાઉન્સિલ જુદા જુદા રાજ્યોના નાણાં પ્રધાનો દ્વારા રજૂઆત કરવામાં આવ્યા બાદ અને કેટલીક ફરિયાદો મળ્યા બાદ હવે હાઈએસ્ટ સ્લેબની યાદીમાં રહેલી ચીજોની સંખ્યાને ઘટાડે તેવી શક્યતા દેખાઈ રહી છે. હાઈએસ્ટ જીએસટી કેટેગરી અથવા તો ૨૮ ટકાના જીએસટી સ્લેબમાં રહેલી કેટલીક ચીજોના કારણે સામાન્ય લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ પ્રકારની રજૂઆત રાજ્યોના નાણાં પ્રધાનો દ્વારા હાલમાં જ કરવામાં આવી હતી. બે રાજ્યોના નાણાંપ્રધાન કહી ચુક્યા છે કે સીમેન્ટ, સ્ટીલ પ્રોડક્ટસ, બાથ ફિટિંગ સહિતની કેટલીક વસ્તુઓને આમાંથી બહાર કરવામાં આવનાર છે. કેન્દ્ર સરકારે હાલમાં કહ્યુ હતુ કે સામાન્ય લોકોની તકલીફ તરફ ધ્યાન આપવામાં આવી રહ્યુ છે. જે બાબતને લઈને સામાન્ય લોકો જીએસટીમાં પરેશાન છે તે ચીજોને

● અનુસંધાન પાન-૭ પર




## દિલ્હી-એનસીઆરમાં ફટાકડા વેચાણ પર પ્રતિબંધ મુકાયો

**બીજા રાજ્યોમાંથી ફટાકડાઓ લાવવા ઉપર કોઇ પ્રતિબંધ નથી : ૧૦ વાગ્યા પહેલા ફટાકડા ફોડી શકાશે : સુપ્રીમ**

નવીદિલ્હી, તા.૯

દિવાળી ઉપર આ વખતે દિલ્હી-એનસીઆરમાં ફટાકડાઓનું વેચાણ થઈ શકશે નહીં. સુપ્રીમ કોર્ટે આજે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો જેના ભાગરુપે ફટાકડાઓના વેચાણ ઉપર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. ફટાકડાઓના વેચાણ અને ફટાકડાઓ ફોડવા ઉપર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. બીજા રાજ્યોથી ફટાકડા લાવવા ઉપર કોઈ પ્રતિબંધ મુકવામાં આવ્યો નથી. અલબત્ત રાત્રે ૧૦ વાગ્યા બાદ પહેલાના આદેશની જેમ જ ફટાકડા ફોડી શકાશે નહીં. પ્રદૂષણ ઘટાડવાના હેતુસર લોકો ઓછા ફટાકડા ફોડશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. ફટાકડાના વેચાણ ઉપર પ્રતિબંધનો આદેશ ૩૧મી ઓક્ટોબર સુધી અમલમાં રહેશે. જસ્ટિસ એકે સિકરીના નેતૃત્વમાં બેંચે કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટમાં ૧૨મી સપ્ટેમ્બરના એ આદેશ જેમાં અસ્થાયીરુપે સ્ટે હટાવવા અને ફટાકડાના વેચાણના આદેશની વાત કરવામાં આવી હતી. તે પહેલી નવેમ્બરથી અમલી થશે.

# ગોધરા કાંડમાં ૧૧ની ફાંસીની સજા ઘટાડાઈ

**ગુજરાત હાઇકોર્ટ દ્વારા અતિ મહત્વપૂર્ણ ચુકાદમાં ફાંસીની સજા ઘટાડી આજીવન કરાઈ : ગોધરા ટ્રેન અગ્નિકાડની ભારે કમકમાટીભરી ઘટનામાં માર્યા ગયેલા લોકોના પરિવારના સભ્યોને ૧૦-૧૦ લાખ ચુકવવાનો સરકાર અને રેલવેને આદેશ**

અમદાવાદ, તા. ૯

દેશ અને દુનિયામાં ખળભળાટ મચાવનારા ગોધરા હત્યાકાંડ કેસમાં ગુજરાત હાઈકોર્ટે ખૂબ જ મહત્વપૂર્ણ ચુકાદો જાહેર કર્યો હતો. ગોધરાકાંડ કેસમાં સ્પેશ્યલ કોર્ટે જે ૧૧ આરોપીઓને ફાંસીની સજા ફટકારી હતી, તે ઘટાડી હાઈકોર્ટે આ ૧૧ આરોપીઓને આજીવન કેદની સજા ફરમાવી હતી. જયારે આ જઘન્ય હત્યાકાંડમાં સ્પેશ્યલ કોર્ટે જે ૨૦ આરોપીઓને જન્મટીપની આકરી સજા ફટકારી હતી, તે સજા હાઈકોર્ટે કાયમ રાખી છે એટલે કે, તેમની જન્મટીપની સજા યથાવત્ રહી છે. સાથે સાથે સ્પેશ્યલ કોર્ટે જે ૬૩ આરોપીઓને નિર્દોષ છોડી મૂકયા હતા, તેમની મુકિતનો નીચલી કોર્ટનો હુકમ પણ યથાવત્ રાખ્યો છે. હાઈકોર્ટે ભોગ બનનારના પરિવારજનોને રૂ.દસ-દસ લાખનું વળતર ચૂકવવા હુકમ પણ રાજય સરકારને કર્યો હતો. સ્પેશ્યલ કોર્ટ દ્વારા ફાંસીની સજા પામનાર ૧૧ આરોપીઓ અને આજીવન કેદની સજા પામનાર ૨૦ આરોપીઓ તરફથી નીચલી કોર્ટના સજાના હુકમને પડકારતી ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરાઈ હતી, જયારે બીજીબાજુ, સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ દ્વારા જે ૬૩ આરોપીઓને સ્પેશ્યલ કોર્ટે નિર્દોષ



છોડી મૂકયા તેઓને સજા કરાવવા, ૧૧ આરોપીઓની ફાંસીની સજા યથાવત્ રાખવા અને ૨૦ આરોપીઓની જન્મટીપની સજા વધારવા માટે હાઈકોર્ટ સમક્ષ અપીલો દાખલ કરી હતી. આ તમામ અપીલોની સુનાવણી પૂર્ણ થઈ જતાં અગાઉ ગુજરાત હાઈકોર્ટે એપ્રિલ-૨૦૧૫માં આ કેસનો પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. જે આજે ખુલ્લી અદાલતમાં જસ્ટિસ અનંત એસ.દવે અને

● અનુસંધાન પાન-૭ પર




**જોઈએ છે શિક્ષકો અને કલાર્ક**

ગાંધીનગર કેળવણી મંડળ સંચાલિત

**મધુરી મનુસુખલાલ વસા પ્રા. શાળા / હાઈસ્કૂલ, કોબા**

**(૧) શિક્ષકો - ૨**

૧) ધોરણ ૮, ૯, ૧૦માં અંગ્રેજી, હિન્દી વિષય માટે
૨) ધોરણ ૮, ૯, ૧૦માં સંસ્કૃત વિષય માટે

**(૨) કલાર્ક - ૧**

B.Com, કોમ્પ્યુટરના જાણકાર, Tally જાણકારને પ્રથમ પસંદગી સ્વહસ્તાક્ષરમાં અરજી અને પ્રમાણપત્રોની નકલ સાથે તા. ૧૨/૧૦/૨૦૧૭ને ગુરૂવારે સવારે ૯-૦૦ કલાકે નીચેના સ્થળે રૂબરૂ મળો.

**સરનામું : એમ.એસ. વસા પ્રા. શાળા / હાઈસ્કૂલ,**
કોબા પાટિયા, પ્રેક્ષા વિશ્વભારતી સામે, કોબા, તા.જી. ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

